# ગાંધીનગર મનપાની ૪૪ બેઠક માટે ૧૧ ઓક્ટોબરે ચૂંટણી જાહેર

**૨૦૨૧માં** ૪૧ બેઠક જીતનાર ભાજપ સામે વિપક્ષ માટે મતોના વિભાજનનો મુદ્દો ફરી કેન્દ્રમાં

**૨.૫૯** લાખ મતદાર કરશે મતાધિકારનો ઉપયોગ, ૧૩ ઓક્ટોબરે મતગણતરી

ગાંધીનગરઃ ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં ફરી એકવાર રાજકીય ગરમાવો શરૂ થયો છે. રાજ્ય ચૂંટણી પંચે ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરતાં જ રાજકીય પક્ષોની ચૂંટણીલક્ષી કવાયત તેજ બનવાની છે. ૧૧ વોર્ડની ૪૪ બેઠકો માટે ૧૧ ઓક્ટોબરે મતદાન અને ૧૩ ઓક્ટોબરે મતગણતરી થશે. ૨૦૨૧ની ચૂંટણીમાં ભાજપે ૪૪માંથી ૪૧ બેઠકો જીતી હતી, જ્યારે કોંગ્રેસને ૨ અને આમ આદમી પાર્ટીને ૧ બેઠક મળી હતી. હવે પાંચ વર્ષ બાદ બદલાયેલા રાજકીય સંદર્ભમાં ભાજપ, કોંગ્રેસ અને આપ કયા સમીકરણ સાથે મેદાનમાં ઉતરે છે તેના પર ગાંધીનગરની ચૂંટણીનું રાજકીય ધ્યાન કેન્દ્રિત થયું છે.

રાજ્ય ચૂંટણી પંચના કમિશનર ડૉ. એસ. મુરલી ક્રિશ્નાએ આજે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરતાં ગાંધીનગર મનપા વિસ્તારમાં તાત્કાલિક અસરથી આદર્શ આચારસંહિતા લાગુ થઈ હોવાનું જણાવ્યું હતું. કુલ ૨,૫૯,૪૪૩ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે અને ૨૯૫ મતદાન મથકો પર સવારે ૭થી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન થશે. ૪૪ બેઠકોમાંથી ૨૨ બેઠકો મહિલાઓ માટે અનામત છે, જ્યારે પાંચ બેઠકો અનુસૂચિત જાતિ, એક અનુસૂચિત જનજાતિ અને ૧૨ બેઠકો ઓબીસી માટે અનામત રાખવામાં આવી છે.

## ૨૧મીએ જાહેરનામું, ૨૬મીએ ફોર્મ ભરવાની અંતિમ તારીખ

ચૂંટણી કાર્યક્રમ મુજબ ૨૧ સપ્ટેમ્બરે સત્તાવાર જાહેરનામું પ્રસિદ્ધ થશે. ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ ૨૬ સપ્ટેમ્બર, ફોર્મની ચકાસણી ૨૮ સપ્ટેમ્બર અને ઉમેદવારી પાછી ખેંચવાની અંતિમ તારીખ ૨૯ સપ્ટેમ્બર રહેશે. ૧૧ ઓક્ટોબરે મતદાન બાદ જરૂર જણાય તો ૧૨ ઓક્ટોબરે પુનઃમતદાન યોજાશે અને ૧૩ ઓક્ટોબરે સવારે ૯ વાગ્યાથી મતગણતરી શરૂ થશે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ૧૬ ઓક્ટોબર સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

## ૨૦૨૧નું પરિણામ સામે, આ વખતે નવાં રાજકીય સમીકરણો

ગાંધીનગર મનપાની ૨૦૨૧ની ચૂંટણીમાં ભાજપે ૪૧ બેઠકો જીતી હતી, જ્યારે કોંગ્રેસને ૨ અને આપને ૧ બેઠક મળી હતી. તે ચૂંટણીમાં મતદાન આશરે ૫૬.૨૪ ટકા રહ્યું હતું. ભાજપને ૪૬.૪૯ ટકા, કોંગ્રેસને ૨૮.૦૨ ટકા અને આપને ૨૧.૭૭ ટકા મત મળ્યા હતા. આ વખતે ચૂંટણીની જાહેરાત સાથે જ કોંગ્રેસ અને આપ વચ્ચે સંભવિત ગઠબંધન અંગેની ચર્ચાએ પણ રાજકીય ચર્ચાને વેગ આપ્યો છે. બંને પક્ષો વચ્ચે બેઠકોની વહેંચણી અંગે સત્તાવાર નિર્ણય થાય છે કે બંને પક્ષો અલગ-અલગ મેદાનમાં ઉતરે છે તે બાબત આગામી દિવસોમાં સ્પષ્ટ થશે. ૨૦૨૧માં કોંગ્રેસ અને આપ બંને મેદાનમાં હતા અને પરિણામમાં બંને પક્ષોને મળેલા મતનો આંકડો નોંધપાત્ર રહ્યો હતો.

## ઓખા-થરા સહિત સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ

ગાંધીનગર મનપા ઉપરાંત દેવભૂમિ દ્વારકાની ઓખા નગરપાલિકા અને બનાસકાંઠાની થરા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી પણ જાહેર કરવામાં આવી છે. આ ઉપરાંત ખેરાલુ, છોટાઉદેપુર અને બાયડ નગરપાલિકાની ખાલી બેઠકો, દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની ભાણવડ બેઠક તેમજ રાજકોટના પડધરી, મહેસાણાના સતલાસણા અને પાટણના હારીજ તાલુકા પંચાયતની ખાલી બેઠકો માટે પેટાચૂંટણી યોજાશે. આ તમામ સ્થળોએ ૧૧ ઓક્ટોબરે મતદાન અને ૧૩ ઓક્ટોબરે મતગણતરી થશે.

## ઉમેદવારોના ચૂંટણી ખર્ચ પર પણ નિયમો

ચૂંટણી પંચે ઉમેદવારો માટે ચૂંટણી ખર્ચ સંબંધિત નિયમો પણ જાહેર કર્યા છે. દરેક ઉમેદવારે ચૂંટણી ખર્ચ માટે અલગ બેંક ખાતું ખોલાવવું પડશે અને ચૂંટણી સિવાયનો ખર્ચ આ ખાતામાંથી કરી શકાશે નહીં. ૧૦ હજાર રૂપિયાથી વધુનું દાન રોકડમાં સ્વીકારી શકાશે નહીં, જ્યારે નિર્ધારિત મર્યાદાથી વધુની ચૂકવણી માટે બેંકિંગ માધ્યમનો ઉપયોગ કરવો પડશે.

### સરકારી નામ-પ્રતીકોનો દુરુપયોગ કરનાર ખાનગી સંસ્થાઓ સામે તવાઈ

# બ્યુરો, કમિશન, મંત્રાલય, નેશનલ, ઓલ ઈન્ડિયા શબ્દો વાપર્યા તો મર્યા સમજજો

**સરકારી** કચેરી જેવી ઓળખ ઊભી કરી નાગરિકોને ગેરમાર્ગે દોરતી સંસ્થાઓ સામે કાયદેસર કાર્યવાહી શરૂ

ગાંધીનગરઃ સરકારી નામ, હોદ્દા અને રાષ્ટ્રીય પ્રતીકોનો ઉપયોગ કરીને સામાન્ય નાગરિકોમાં સરકારી સંસ્થા હોવાનો ભ્રમ ઊભો કરતી ખાનગી સંસ્થાઓ, ટ્રસ્ટો, વ્યાપારી પેઢીઓ અને બિન-સરકારી સંગઠનો સામે ગુજરાત સરકારે કાર્યવાહીનો દોર શરૂ કર્યો છે. 'પ્રતીકો અને નામો (અયોગ્ય ઉપયોગ નિવારણ) અધિનિયમ, ૧૯૫૦'નું કડક અમલીકરણ કરવા સામાન્ય વહીવટ વિભાગે રાજ્યના તમામ વિભાગો, કચેરીઓ અને સક્ષમ નોંધણી અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી છે. હવે ખાનગી સંસ્થાઓએ પોતાના નામમાં 'બ્યુરો', 'કમિશન', 'મંત્રાલય', 'સેન્ટર', 'ઓલ ઈન્ડિયા', 'નેશનલ' અને 'ભારતીય' જેવા શબ્દોનો ઉપયોગ કરતા પહેલાં લેખિત મંજૂરી લેવી પડશે. કેન્દ્રના ધ્યાન પર આવ્યું હતું કે કેટલીક ખાનગી સંસ્થાઓ, ટ્રસ્ટો અને વ્યાપારી પેઢીઓ સરકારી વિભાગો જેવા લાગતા નામોનો ઉપયોગ કરે છે. એટલું જ નહીં, લેટરહેડ, વિઝિટિંગ કાર્ડ, ઓફિસના બોર્ડ અને વેબસાઈટ પર અશોક સ્તંભ, અશોક ચક્ર અથવા સરકારી સિક્કાઓની આબેહૂબ નકલનો ઉપયોગ કરીને સરકારી ઓળખ ઊભી કરતાં હોવાથી આવી સ્થિતિમાં સામાન્ય નાગરિકો ખાનગી સંસ્થાને સરકારી માનીને નાણાં કે મહત્વના દસ્તાવેજો ગુમાવી શકે છે.

### નોંધણીના તબક્કે જ ભ્રામક નામો અટકાવાશે

સરકારની સૂચના મુજબ રજિસ્ટ્રાર ઓફ સોસાયટીઝ, રજિસ્ટ્રાર ઓફ ફર્મ્સ અને સહકારી વિભાગ સહિતની સંબંધિત નોંધણી કચેરીઓએ અરજીના સ્ક્રીનિંગ અને નોંધણીના તબક્કે જ આવા ભ્રામક નામોને મંજૂરી ન મળે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. કોઈ નામ અંગે શંકા કે વિવાદ ઊભો થાય તો મામલો કેન્દ્ર સરકારના ધ્યાને મૂકવાનો રહેશે અને કેન્દ્ર સરકારનો નિર્ણય આખરી ગણાશે.

## અમદાવાદના સાણંદ નજીક મોટી દેવતીમાં ફરી દીપડાની દહેશત

અમદાવાદઃ અમદાવાદ જિલ્લાના સાણંદ નજીક આવેલા મોટી દેવતી વિસ્તારમાં ફરી એકવાર દીપડાની હાજરીના પુરાવા મળી આવતા સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો છે. ઈંટોના ભઠ્ઠા નજીક દીપડાના પંજાના નિશાન મળી આવ્યા હતા. આ ઉપરાંત શ્વાનનું મારણ કર્યું હોવાના પુરાવા પણ સામે આવતા વન વિભાગને જાણ કરવામાં આવી હતી. સાણંદ નજીક આવેલા મોટી દેવતી વિસ્તારમાં દીપડાની હાજરી હોવાની ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ સ્થળ પર પહોંચી હતી અને સમગ્ર વિસ્તારની તપાસ હાથ ધરી હતી. દીપડાની હિલચાલ પર નજર રાખવા તેમજ તેને પકડવા માટે વન વિભાગ દ્વારા સ્થળ પર પાંજરા ગોઠવવામાં આવ્યા છે. ટીમ દ્વારા દીપડાના ફૂટ માર્ક સહિત અન્ય પુરાવાઓની પણ તપાસ કરવામાં આવી રહી છે.

# અખંડ ભારતના બે ટુકડા કરનાર બ્રિટન ચાર ટુકડાઓમાં વહેંચાઈ જશે?

ટુ ધ પોઇન્ટ ▪ સંજય વોરા ▪



કોઈ વ્યક્તિનું કે દેશનું ભાગ્ય રૂઠી જાય ત્યારે તેના કલ્પના પણ ન કરી હોય તેવા હાલ થાય છે. એક સમયે બ્રિટીશ સામ્રાજ્ય વિશ્વભરમાં એવી રીતે ફેલાયેલું હતું કે તેમાં સૂર્ય આથમતો નહોતો. સંસ્થાનવાદના અંત સાથે જગતના દેશો સ્વતંત્ર થતા ગયા અને બ્રિટીશ સામ્રાજ્ય સંકોચાતું ગયું. આજે બ્રિટનનું અર્થતંત્ર બિસ્માર હાલતમાં છે અને તેના ટુકડા થવાની તૈયારીમાં છે. સ્કોટલેન્ડ, વેલ્સ અને ઉત્તરી આયર્લેન્ડના પ્રતિનિધિઓએ બ્રિટનના નિયંત્રણમાંથી દૂર જવાનો પોતાનો ઇરાદો વ્યક્ત કરતાં એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જેનાથી યુનાઇટેડ કિંગડમનું ભવિષ્ય ડામાડોળ થઈ ગયું છે. સ્કોટલેન્ડ, વેલ્સ અને ઉત્તરી આયર્લેન્ડના નેતાઓએ સોમવારે બંધારણીય પરિવર્તન માટે હાકલ કરતાં અને તેમનાં રાષ્ટ્રોને પોતાનું ભવિષ્ય નક્કી કરવાના અધિકાર પર ભાર મૂકતાં સમજૂતીપત્ર પર હસ્તાક્ષર કર્યા છે. સ્કોટિશ નેશનલ પાર્ટી (SNP), વેલ્સમાં પ્લેઇડ સિમરુ અને આઇરિશ એકતાતરફી સિન ફેઇન બ્રિટનથી અલગ થવા માંગે છે. સ્કોટિશ ફર્સ્ટ મિનિસ્ટર જોન સ્વિની, વેલ્શ નેતા રુન એપી ઇઓરવર્થ અને ઉત્તરી આયર્લેન્ડના ફર્સ્ટ મિનિસ્ટર મિશેલ ઓ'નીલે કાર્ડિફમાં એક સમિટમાં બ્રિટનથી અલગ થવાના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં ત્રણ પ્રાંતોના સ્વ-નિર્ણયના અધિકાર અને ભવિષ્યના લોકમતનો દાવો કરવામાં આવ્યો છે.

૨૦૧૪ના સ્કોટિશ સ્વતંત્રતા લોકમત અને ગુડ ફ્રાઈડે પછીની ત્રણ ઘટનાઓએ બ્રિટનથી જુદા થવાની માંગણીઓ માટેના કેસને મજબૂત બનાવ્યો છે. પહેલું કારણ રાજકીય જોડાણ છે. રાષ્ટ્રવાદી પક્ષો હવે ત્રણેય રાજધાનીઓમાં સત્તા ધરાવે છે. બીજું કારણ બ્રેક્ઝિટ છે. સ્કોટલેન્ડે ૨૦૧૬માં યુરોપિયન યુનિયનમાં રહેવા માટે ૬૨ ટકા મતદાન કર્યું હતું પરંતુ યુકેવ્યાપી પરિણામ પછી EU છોડી દીધું હતું. રાષ્ટ્રવાદીઓ આને પરિસ્થિતિઓમાં ભૌતિક પરિવર્તન તરીકે વર્ણવે છે, જે બીજા સ્વતંત્રતા લોકમતને વાજબી ઠેરવે છે. ત્રીજું કારણ બ્રિટનથી અલગ થવા માટેનું બાહ્ય અને રાજકીય દબાણ વધી રહ્યું છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં જાહેરમાં આઇરિશ પુનઃ એકીકરણને ટેકો આપ્યો છે, જ્યારે યુકેના વડા પ્રધાન એન્ડી બર્નહામે કહ્યું છે કે જો સર્વસંમતિ હોય તો તેઓ બ્રિટનથી અલગ થવાના બીજા સ્કોટિશ લોકમતને અધિકૃત કરશે.

સ્કોટિશ રાષ્ટ્રવાદીઓ દલીલ કરે છે કે સ્કોટલેન્ડની સ્વતંત્રતા તેમના દેશને તેની રાજકીય અને આર્થિક પસંદગીઓ પર વધુ નિયંત્રણ મેળવવાની મંજૂરી આપશે. તેમની મુખ્ય દલીલોમાંની એક એ છે કે તેઓ જેને લોકશાહીનો ગેરફાયદો કહે છે. સામાજિક ખર્ચ, કરવેરા અને યુરોપ સાથે ગાઢ સંબંધો જેવા મુદ્દાઓ પર સ્કોટલેન્ડની સ્વતંત્ર થવાની પસંદગીઓને બ્રિટનમાં ગૌણ કરી શકાય છે, જ્યાં ઈંગ્લેન્ડની મોટી વસ્તીનો વધુ પ્રભાવ છે. બ્રેક્ઝિટ આ દલીલનું કેન્દ્રબિંદુ રહ્યું છે. સ્કોટલેન્ડે EUમાં રહેવા માટે મતદાન કર્યું હતું, પરંતુ યુકેમાં બ્રેક્ઝિટની તરફેણમાં વ્યાપક મતદાનને કારણે તે બહાર થઈ ગયું હતું. હવે સ્કોટલેન્ડના રાષ્ટ્રવાદીઓ દલીલ કરે છે કે સ્કોટલેન્ડની સ્વતંત્રતા તેના માટે EUનું સભ્યપદ અને બજાર સુધી પહોંચવાનો માર્ગ પૂરો પાડી શકે છે. સ્કોટલેન્ડમાં પહેલાથી જ વિભાજનની યોજના હેઠળ અલગ કાનૂન, અલગ શિક્ષણ અને અલગ આરોગ્ય પ્રણાલીઓ છે. સ્કોટલેન્ડની સ્વતંત્રતાના સમર્થકો દલીલ કરે છે કે જો તેને સંપૂર્ણ સાર્વભૌમત્વ બંધારણીય દરજ્જો મળે તો તે સ્કોટલેન્ડની રાજકીય ઓળખ દૃઢ બનાવશે.

ઉત્તરી આયર્લેન્ડ પણ યુનાઇટેડ આયર્લેન્ડ ઇચ્છે છે. ઉત્તરી આયર્લેન્ડ એક અલગ બંધારણીય મુદ્દો રજૂ કરે છે. તેના રાષ્ટ્રવાદીઓ બ્રિટનથી સ્વતંત્ર દેશ નહીં પરંતુ આયર્લેન્ડ પ્રજાસત્તાક સાથે ઉત્તરી આયર્લેન્ડનું પુનઃમિલન ઇચ્છે છે, જે ૧૯૨૧માં બ્રિટનથી અલગ થઈ ગયું હતું. ૧૯૯૮ના ગુડ ફ્રાઇડે કરારમાં સરહદ પર વસતી પ્રજાના મતદાનની જોગવાઈ છે. એવું લાગે કે આયર્લેન્ડની બહુમતી પ્રજા યુકે છોડવાનું સમર્થન કરશે. સિન ફેઈન અને આયર્લેન્ડના અન્ય રાષ્ટ્રવાદીઓ એ ચકાસવા માંગે છે કે શું ઉત્તરી આયર્લેન્ડ તે હદ સુધી પહોંચી ગયું છે. આયર્લેન્ડમાં જોવા મળી રહેલા વસતીવિષયક અને સાંસ્કૃતિક ફેરફારોએ પણ આ મુદ્દાને જીવંત રાખ્યો છે. વધતી જતી કેથોલિક વસ્તી, યુવા મતદારોમાં મજબૂત આઇરિશ ઓળખ અને બ્રેક્ઝિટ પછી વેપાર કરવામાં પડતી મુશ્કેલીઓ વગેરેને કારણે બ્રિટનથી અલગ થવાની ભાવના જોર પકડી રહી છે.

આયર્લેન્ડના મોટા ભાગનાં લોકો કેથોલિક (Catholic) ખ્રિસ્તી હતા અને તેઓ બ્રિટિશ શાસનથી આઝાદી મેળવી પોતાનો અલગ દેશ બનાવવા માંગતા હતા; પરંતુ ઉત્તર-પૂર્વના છ જિલ્લાઓમાં પ્રોટેસ્ટન્ટ સમુદાયની બહુમતી હતી, જેઓ બ્રિટન સાથે જ રહેવા માંગતા હતા. આ વિવાદને કારણે બ્રિટિશ સરકારે ગવર્નમેન્ટ ઓફ આયર્લેન્ડ એક્ટ ૧૯૨૦ અંતર્ગત ટાપુના બે ભાગ પાડી દીધા હતા. ૧૯૨૧માં સત્તાવાર રીતે ઉત્તરી આયર્લેન્ડ અલગ બન્યું અને બાકીનો ભાગ પાછળથી સ્વતંત્ર દેશ બન્યો. બે આયર્લેન્ડના પુનઃ એકીકરણનો અર્થ એ થશે કે ઉત્તરી આયર્લેન્ડ રિપબ્લિક ઓફ આયર્લેન્ડમાં ભળવા દ્વારા EUમાં પાછું ફરશે, જેને ઘણા રાષ્ટ્રવાદીઓ બ્રેક્ઝિટ પછી આર્થિક અને રાજકીય ફાયદા તરીકે જુએ છે. સિન ફેઈન હવે ઉત્તરી આયર્લેન્ડની કારોબારીના વડા છે, જેનાથી બે આયર્લેન્ડની એકતાતરફી રાજકારણને વધુ સંસ્થાકીય બળ મળે છે.

પરંપરાગત રીતે વેલ્સની સ્વતંત્રતાને સ્કોટિશ સ્વતંત્રતા કરતાં ઓછું સમર્થન મળ્યું છે, પરંતુ તાજેતરમાં આ ચળવળનો પણ ઘણો વિસ્તાર થયો છે. ૨૦૨૬ માં થયેલું મતદાન દર્શાવે છે કે વેલ્સના લગભગ ૩૨ ટકા લોકોએ સ્વતંત્રતાને સમર્થન આપ્યું હતું, જે મે સેનેડ ચૂંટણીમાં પ્લેઇડ સિમરુની સફળતા પછીનો સૌથી વધુ રેકોર્ડ સ્તર છે. વેલ્સના રાષ્ટ્રવાદીઓ દલીલ કરે છે કે હાલમાં બ્રિટન મુખ્ય કરવેરા, કલ્યાણ યોજનાઓ અને મેક્રોઇકોનોમિક નીતિ સહિતનાં મહત્ત્વપૂર્ણ ક્ષેત્રો પર નિયંત્રણ જાળવી રાખે છે. તેઓ કહે છે કે આનાથી ગરીબી, ઓછાં રોકાણ અને પ્રાદેશિક અસમાનતાનો સામનો કરવાની વેલ્સની ક્ષમતા મર્યાદિત થઈ જાય છે. કાર્ડિફ કરાર વેલ્સને સ્વતંત્ર EU સભ્ય બનાવવાનું સપનું પણ દેખાડે છે. આ અભિગમ સ્કોટિશ અને આઇરિશ રાષ્ટ્રવાદીઓ દ્વારા પ્રચારાયેલી 'યુરોપ આપણું સામાન્ય ઘર છે' તેવી માન્યતા સાથે બંધબેસે છે. વેલ્સના કેસમાં ભાષા અને સાંસ્કૃતિક ઓળખ પણ મહત્ત્વપૂર્ણ છે, જેમાં વધુ સ્વતંત્ર સરકારને વેલ્સની સંસ્થાઓનું રક્ષણ કરવાના અને વેલ્સની ભાષાને પ્રોત્સાહન આપવાના માર્ગ તરીકે જોવામાં આવે છે. ગ્રેટ બ્રિટનના ભવિષ્ય અંગેની ચર્ચા પાછળ બ્રેક્ઝિટ મુખ્ય ઉત્પ્રેરક બની ગયું છે. ૨૦૧૬ના લોકમતમાં યુકેએ યુરોપિયન યુનિયન છોડવા માટે મતદાન કર્યું હતું, પરંતુ સ્કોટલેન્ડ અને ઉત્તરી આયર્લેન્ડે અનુક્રમે ૬૨ ટકા અને ૫૫.૮ ટકા મત આપીને તેમાં રહેવા માટે મતદાન કર્યું હતું. સ્કોટલેન્ડ, વેલ્સ અને ઉત્તરી આયર્લેન્ડ માટે યુકેથી અલગ થવાનો આર્થિક તર્ક યુરોપિયન યુનિયનમાં પાછા ફરવા સાથે ગાઢ રીતે જોડાયેલો છે. રાષ્ટ્રવાદીઓ દલીલ કરે છે કે બ્રેક્ઝિટ પછી EU સભ્યપદ બ્રેક્ઝિટ પછીના યુકેમાં રહેવા કરતાં વધુ તકો પ્રદાન કરી શકે છે. દલીલના કેન્દ્રમાં EU સિંગલ માર્કેટની પહોંચ છે, જે ૨૭ દેશોને આવરી લે છે અને માલસામાન, સેવાઓ, મૂડી અને લોકોની મુક્ત અવરજવરને મંજૂરી આપે છે. EU બ્લોકમાં ફરીથી જોડાવાથી વેપાર અવરોધો, અમલદારશાહી અને યુકે અને EU ના અલગ નિયમો દ્વારા સર્જાતા ખર્ચમાં ઘટાડો થઈ શકે છે. EU સભ્યપદ ત્રણેય નવાં રાષ્ટ્રોને બ્લોક દ્વારા વાટાઘાટો કરાયેલા વેપાર કરારોની પહોંચ પણ આપશે, જેનાથી નાનાં અર્થતંત્રોને આંતરરાષ્ટ્રીય બજારોમાં વધુ સોદાબાજી કરવાની શક્તિ મળશે.

બ્રેક્ઝિટ પછી ઉત્તરી આયર્લેન્ડમાં વિન્ડસર ફ્રેમવર્ક હેઠળ પહેલેથી જ એક અલગ વ્યવસ્થા ચાલી રહી છે. તે યુકેના કસ્ટમ ક્ષેત્રમાં રહે છે પરંતુ માલ માટે ઘણા EU નિયમોનું પાલન કરે છે, જેનાથી તેના વ્યવસાયોને યુકે અને EU બંને બજારોમાં પ્રવેશ મળે છે. રાષ્ટ્રવાદીઓ દલીલ કરે છે કે આયર્લેન્ડ સાથે પુનઃમિલનથી સંપૂર્ણ EU સભ્યપદ દ્વારા આ ફાયદાઓ સુરક્ષિત રહેશે. બ્રિટન પોતાની જાતને લોકશાહી દેશ તરીકે ઓળખાવે છે. કોઈ પણ લોકશાહીમાં તેની પ્રજાની બહુમતીના મતનો આદર કરવો પડે છે. જો સ્કોટલેન્ડ, ઉત્તરી આયર્લેન્ડ અને વેલ્સ બ્રિટનથી અલગ થઈને પોતાનો અલગ દેશ કરવા માગતા હોય તો બ્રિટને તેનો પણ સ્વીકાર કરવો પડશે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**જો સ્કોટલેન્ડ, ઉત્તરી આયર્લેન્ડ અને વેલ્સની બહુમતી પ્રજા બ્રિટનથી અલગ થઈને પોતાનો અલગ દેશ કરવા માગતા હોય તો લોકશાહીની છડી પોકારતા બ્રિટને તેનો સ્વીકાર કરવો પડશે**

# BUSINESS મિત્ર

### મિડકેપ-સ્મોલકેપ શેરોમાં વેચવાલીના દબાણે માર્કેટ બ્રેડથ નબળું રહ્યું

# બે દિવસના ઘટાડા બાદ સેન્સેક્સ-નિફ્ટી પોઝિટિવ, પણ રોકાણકારોની સંપત્તિ ઘટી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 16: અમેરિકન ફેડરલ રિઝર્વના વ્યાજદરો અંગેના નિર્ણય પહેલા શેરબજારમાં નીચલા સ્તરેથી ખરીદીનો માહોલ જોવા મળ્યો હતો. આજે શેરબજારમાં વેલ્યુબાઈંગ રહી હતી, જેના લીધે સેન્સેક્સ-નિફ્ટી પોઝિટિવ રહ્યા હતા, પણ રોકાણકારોની સંપત્તિ ઘટી હતી. મિડકેપ-સ્મોલકેપ શેરોમાં ભારે વેચવાલીના દબાણે માર્કેટ બ્રેડથ પણ નબળું રહ્યું હતું.

એકંદરે શેરબજારમાં બેઉતરફી વલણ જોવા મળ્યું હતું. સેન્સેક્સ અને નિફ્ટી તેમની સંપુર્ણ સરસાઇ ગુમાવીને લાલ નિશાનમાં આવી ગયા હતા, પંરતુ વેલ્યુ બાઈંગના કારણે તેઓ ફરીવાર રીકવર થયા હતા અને સુધારા સાથે બંધ રહ્યા હતા.

સેકટર વાઇઝ જોઈએ તો બેન્કીગ અને એફએમસીજી સેકટરમાં જોશ જોવા મળ્યો હતો. નિફ્ટી પ્રાઈવેટ બેન્ક અડધા ટકા જેટલો સુધર્યો હતો. જ્યારે નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ એક ટકા અને ઓટો ઈન્ડેકસ અડધા ટકા સુધી સુધર્યો હતો.

જ્યારે ગઈકાલે આઈટી શેરોમાં ચમક રહી હતી, જે ચમક આજે ભૂંસાઇ જતી જોવા મળી હતી અને નિફ્ટી આઈટી ઈન્ડેક્સ દોઢ ટકા સુધી ઘટ્યો હતો. જેના લીધે બીએસઇ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 61000 કરોડ ઘટી હતી.

બીએસઇ સેન્સેક્સ 332.63 પોઈન્ટ એટલે કે 0.45 ટકા વધીને 74336.45 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેકસ 74505 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો. જ્યારે નીચામાં 73981 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 23200 પોઈન્ટની સપાટી પાર કરવામાં સફળ રહી હતી. આજે નિફ્ટી 99 પોઈન્ટ એટલે કે 0.43 ટકા વધીને 23217.60 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23284 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23116 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 497.70 પોઈન્ટ એટલે કે 0.89 ટકા વધીને 56292.45 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે ટાટા કેમિકલ્સમાં 13.42 ગણા, ડો. લાલ પેથલેબમાં 9.56 ગણા, આલકેમ લેબમાં 5.42 ગણા, અપોલો ટાયરમાં 4.88 ગણા અને ટોરેન્ટ ફાર્મામાં 4.5 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ટાટા કેમિકલ્સમાં 31.72 ગણા, થ્રીએમ ઈન્ડિયામાં 15.41 ગણા, પતંજલી ફુડસમાં 12.82 ગણા, ડો. લાલ પેથલેબમાં 7.21 ગણા અને ગોદરેજ ઈન્ડ.માં 6.38 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સામસામી રાહ જોવાઇ છે. બીએસઇ મિડકેપ ઈન્ડેકસ 0.07 ટકા સુધર્યા છે, જ્યારે બીએસઇ સ્મોલકેપ ઈન્ડેકસ 0.13 ટકા ઘટ્યા હતા. જોકે, માર્કેટ બ્રેડથ નબળું પડ્યું હતું. બીએસઇ ખાતે 1990 શેરો વધ્યા હતા, જ્યારે 2344 શેરો ઘટ્યા હતા, અને 253 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી એફએમસીજી ઈન્ડેક્સ 1.63 ટકા વધ્યો હતો. જેમાં પંતજલી ફુડસ, કોલગેટ-પામોલીવ, મેરિકો, આઈટીસી, રેડીકો ખૈતાન, યુનાઈટેડ સ્પીરીટ, નેસલે ઈન્ડિયા, ટાટા કન્ઝયુમર, બ્રિટાનીયા અને એચયુએલ સુધર્યા હતા.

વૈશ્વિક સ્તરે યુકેનો ફુગાવો વધારો હોવા છતાં યુરોપિયન શેરોમાં વધારો થયો હતો. યુકેના ગ્રાહક ભાવ ફુગાવો જુલાઈમાં 2.9 ટકા ફુગાવાની તુલનામાં ઓગસ્ટમાં 3.1 ટકા થયો હતો.

ક્રુડના ભાવ ઉછળતા ભાવોની અસર રહી હતી. ઓફિસ ફોર નેશનલ સ્ટેટિસ્ટિક્સ અનસાર ઓગસ્ટમાં મોટર ઈંધણના ભાવમાં વાર્ષિક ધોરણે 23 ટકાનો વધારો થયો હતો. જે હેડલાઈન ફુગાવાના પ્રવેગમાં નોંધપાત્ર ફાળો આપે છે. જ્યારે યુએસ ફેડરલ રિઝર્વની નીતિની જાહેરાત પૂર્વે મોટા ભાગના એશિયન બજારો પણ પોઝિટિવ રહ્યા હતા.

## રૂપિયામાં નજીવો બાઉન્સ બેક

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 95.95 રૂ. |
| યુરો | 110.28 રૂ. |
| પાઉન્ડ | 129.66 રૂ. |
| યેન | 0.6185 રૂ. |

કરન્સી બજારમાં ડોલરમાં સતત ઉછાળા બાદ આજે રૂપિયામાં નજીવો બાઉન્સ બેક જોવા મળ્યો હતો. કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 2 પૈસા સુધરીને 95.95ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.97ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 110.28, પાઉન્ડ 129.66, કેનેડિયન ડોલર 69.02, ઓસ્ટ્રેલિયન ડોલર 68.12, જાપાનીઝ યેન 0.6185, સીંગાપોર ડોલર 75.55ના સ્તરે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 332.63 | 74336.45 |
| નિફ્ટી | 99.00 | 23217.60 |
| બેન્ક નિફ્ટી | 497.70 | 56292.45 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચડીએફસી લાઇફ | 2.73 | 530.20 |
| એસબીઆઇ લાઇફ | 2.65 | 1697.90 |
| એસબીઆઇ | 2.42 | 991.40 |
| આઇટીસી | 2.38 | 264.15 |
| નેસલે ઇન્ડિયા | 1.65 | 1384.50 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીસીએસ | 2.76 | 2188.80 |
| વિપ્રો | 1.83 | 166.89 |
| ઇન્ફોસીસ | 1.58 | 1060.00 |
| ટેક મહિન્દ્રા | 1.14 | 1558.00 |
| લાર્સન-ટુબ્રો | 1.12 | 3807.70 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| આઇટીસી | 2.46 | 264.35 |
| એસબીઆઇ | 2.24 | 991.10 |
| એક્સીસ બેન્ક | 1.93 | 1243.95 |
| ટ્રેન્ટ | 1.51 | 2772.20 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.45 | 3073.95 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીસીએસ | 2.60 | 2191.50 |
| ઇન્ફોસીસ | 1.43 | 1060.65 |
| ટેક મહિન્દ્રા | 1.26 | 1555.15 |
| બજાજ ફિનસર્વ | 0.99 | 1839.60 |
| એનટીપીસી | 0.91 | 327.00 |

## યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૫૦ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૧.૩૫ | ૫૦/૩૬ '' | ૧૫૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૦૮.૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૫ |
| ૬૮/૩૬ | ૧૬૫.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૯.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૧ | ૬૮ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૮.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૮.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૬૦ | ૮૦/૧૦૮ '' | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

## તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

## જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૫૦૦ |
| એમ-૩૦ | ૫૫૦૦ |
| એસ-૩૦ | ૫૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૫૨૦૦ |
| એસ-૩૦ | ૫૧૦૦ |

## સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૭૪૨૦ |
| તેજાબી સોનું | ૧૫૭૩૩૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૯૫૫૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૪૨૭૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૭૪૨૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૮૩૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૯૮૦૦ |

# એશિયાના સૌથી ધનિક ટિકટોકના ફાઉન્ડર ઝાંગ ચીમિંગ બન્યા

**ગૌતમ** અદાણી બીજા ક્રમે ધકેલાયા, અંબાણી ત્રીજા ક્રમે



નવી દિલ્હી, તા. 16: બાઈટડાન્સના સ્થાપક ઝાંગ ચીમિંગ હવે એશિયાના સૌથી ધનિક વ્યક્તિ બની ગયા છે. બ્લુમબર્ગ બિલિયોનર ઈન્ડેક્સ અનુસાર ઝાંગ ચીમિંગની નેટવર્થ 105 અબજ ડોલરને વટાવી ગઇ છે. તેમની સંપત્તિમાં વૃદ્ધિ થતાં ગૌતમ અદાણી બીજા ક્રમે પહોંચી ગયા છે. ઉલ્લેખનીય છે કે, ઝાંગની સંપત્તિમાં આ ઉછાળો એવા સમયે આવ્યો છે કે જ્યારે એઆઇ સાથે જોડાયેલી કંપનીઓનું મુલ્ય ઝડપથી વધી ગયું છે.

સપ્ટેમ્બર મહિનામાં જઝાંગની સંપત્તિમાં 12 અબજ ડોલથી વધુ ઉછાળો આવ્યો છે. બ્લુમબર્ગે ઈન્વેસ્ટમેન્ટ કંપનીઓ વતી બાઈટડાન્સના નવા વેલ્યુએશનને લગતા ડેટાનું વિશ્લેષણ કર્યા બાદ આ અપડેટ આપ્યું છે. માર્ચ 2019માં બ્લુમબર્ગે તેમની સંપત્તિનો અંદાજ લગભગ 13 અબજ ડોલર લગાવ્યો હતો, જેનો અર્થ એ છે કે ત્યારબાદ તેમની સંપત્તિમાં આઠ ગણાથી વધુનો વધારો થયો છે. ચીમિંગે બાઈટડાન્સ શરૂ કર્યુ હતું અને આ જ કંપનીએ વિશ્વના ઘણા દેશોમાં ટિકટોક જેવા લોકપ્રિય વિડીયો પ્લેટફોર્મ લાવ્યા હતા. જે એક સૌથી મોટી લોકપ્રિય સોશ્યલ મીડિયા કંપનીઓ પૈકીની એક બની ગઇ છે.

પરંતુ ઝાંગની વ્યૂહરચના માત્ર વિડીયો અને સોશ્યલ મીડિયા સુધી મર્યાદિત નહતી. તેમણે ભૂતકાળમાં એઆઈમાં પણ ઝડપથી રોકાણ કર્યુ છે. કંપનીના ડૌબાઓ ચેટબોટ અને સીડન્સ વિડીયો બનાવતા એઆઇ ટુલ્સ આ વ્યૂહરચનાનો એક ભાગ છે. જેના લીધે તેઓએ ઝડપી વૃદ્ધિ કરી હતી.

### એશિયાના 5 સૌથી ધનિક વ્યક્તિઓ

- ઝાંગ ચિમિંગ - બાઇટડાન્સ (ચીન)
- ગૌતમ અદાણી - અદાણી ગ્રુપ (ભારત)
- મુકેશ અંબાણી - રિલાયન્સ ગ્રુપ (ભારત)
- તદાશી યાનાઈ - યુનિક્લો (જાપાન)
- મસાયોશી સોન - સોફ્ટબેંક (જાપાન)

# વૈશ્વિક સ્તરે ભારતીય શેરબજારની તાકાત ઘટી

**વૈશ્વિક** બજારોમાં માર્કેટ કેપમાં ભારતનો હિસ્સો 3 ટકાની નીચે સરકી ગયો

**માર્કેટ** કેપ 5 ટ્રિલિયન ડોલરની નીચે

અમદાવાદ, તા. 16: વૈશ્વિક અનિશ્ચિતતાના પગલે ક્રુડ ઓઇલના ભાવમાં વધારો અને યુએસ બોન્ડ યીલ્ડમાં વધારો થવાના કારણે ભારતીય શેરબજારમાં ભારે વેચવાલી જોવા મળી હતી. ક્રુડ ઓઇલના ભાવ પ્રતિ બેરલ 108 ડોલરને વટાવી ગયા છે, જ્યારે 10 વર્ષના યુએસ બોન્ડ પર યીલ્ડ 5 ટકાથી ઉપર વધી ગયો. આનાથી રોકાણકારોના સેન્ટિમેન્ટ પર અસર પડી અને શેરબજારમાં તીવ્ર ઘટાડો થયો, જેના પરિણામે બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ પાંચ ટ્રિલિયન ડોલરની નીચે આવી ગયું છે, જે ત્રણ મહિનાનું સૌથી નીચું આવી ગયું, જે ત્રણ મહિનાનું નીચુ સ્તર છે. તેવી જ રીતે વૈશ્વિક બજાર મુડીમાં ભારતનો હિસ્સો પણ 3 ટકા નીચે આવી ગયો.

બીએસઇના ડેટા અનુસાર, લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ 4.92 ટ્રિલિયન ડોલર થઇ ગયું, જે 11 જુન પછીનું સૌથી નીચુ સ્તર છે. વર્ષની શરૂઆતમાં તે આશરે 5.3 ટ્રિલિયન ડોલર હતું.

આ બજાર મુલ્યમાં આશરે 380 બિલિયન ડોલરનો ઘટાડો દર્શાવે છે. વૈશ્વિક બજાર મુડીમાં ભારતનો હિસ્સો આશરે 2.95 ટકા ઘટી ગયો છે, જે 3 જુન પછીનું સૌથી નીચુ સ્તર છે.

## સોનાના દાગીના પરના હોલમાર્કિંગ ચાર્જમાં વધારો

નવી દિલ્હી, તા. 16: સોનાની પ્યોરિટી માટે હોલમાર્કિંગ કરવામાં આવે છે. જોકે, સોના પર હોલમાર્કિંગ ફીમાં જબરજસ્ત વધારો થયો છે, જે 66.7 ટકાનો વધારો છે. નવા દરો અનુસાર સોનાના દાગીના અને અન્ય વસ્તુઓ પરની હોલમાર્કિંગ ફી રૂ. 45ના બદલે રૂ. 75 થશે. આ નવા દરનો અમલ 14મી સપ્ટેમ્બરથી થઇ ગયો છે. જોકે, ચાંદી પરના હોલમાર્કિંગ ફીમાં કોઇ વધારો થયો નથી. હોલમાર્ક ગ્રાહકોને દાગીનાની ગુણવત્તા અંગેની વિશેષ માહતી આપે છે. જોકે, કન્સાઈન્મેન્ટ માટે લઘુત્તમ ફીમાં કોઇ ફેરફાર કરાયો નથી, તે રૂ. 200 રહેશે. હોલમાર્કિંગ ફી વધારા અંગે સૌથી મોટી મુંઝવણ એ છે કે ગ્રાહકોએ આ રકમ ચુકવવાની રહેશે કે નહીં.